જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૫/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૮૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૭૯	૧	૧૧૪૮૦	૧૭૫૯૮	૧	૧૭૫૯૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૩	૦	૮૩	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૬૯૬૮	૧૯૫	૪૭૧૬૩	૪૭૭૨૫	૧૮૬	૪૭૯૧૧
કુલ		૬૩૨૩૮	૧૯૬	૬૩૪૩૪	૭૧૮૬૭	૧૮૭	૭૨૦૫૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૪	૮૦,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૫૨	૧૩,૫૨,૦૦૦/-

વાવાઝોડાથી અસરગ્રસ્ત માટે અનાજ કિટ વિતરણ

આજરોજ ક. 13/30 કલાકે અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારના અનુપાન સિનેમાના છાપરા ખાતે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સંજય શ્રીવાસ્તવ સાહેબશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી વહીવટ અજય ચૌધરી સાહેબશ્રી નાઓ તરફથી મોકલવામાં આવેલ તેમજ ડીસીપીશ્રી ઝોન-5 અચલ ત્યાગી સાહેબ તથા એસીપી શ્રી આઇ ડિવિઝન એન એલ દેસાઈ સાહેબની સુચનાથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા 30 જરૂરીયાતમંદ પરીવારોને અનાજ કીટનુ વિતરણ કરવામા આવેલ જેમા સીનીયર પો.ઇન્સ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ડી.બી.મહેતા તથા અન્ય પોલીસ કર્મચારીઓ સાથે ઉપરોક્ત સ્થળે જરૂરિયાતમંદ પરીવારોને રૂબરૂ હાજર રહી અનાજ કીટ વિતરણ કરવામા આવેલ.








વાવાઝોડાથી અસરગ્રસ્ત માટે ફુડ પેકેટની વ્યવસ્થા


આજરોજ તા.19/05/2021 ના કલાક-11/30 વાગ્યેથી ક.12/30 વાગ્યા દરમ્યાન નારોલ પોલીસ સ્ટેશન દ્વારા વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ નારોલ ગણેશનગરમાં હિન્દુ / મુસ્લીમ ગરીબ જરુરિયાતમંદ 200 જેટલા લોકોને તૈયાર જમવાનું આપવા માં આવેલ છે.



તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૧૯/૩૦



આજરોજ તા.20/05/2021 ના કલાક-11/00 વાગ્યા દરમ્યાન નારોલ પોલીસ સ્ટેશન દ્વારા વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ નારોલ ગણેશનગરમાં હિન્દુ/મુસ્લીમ ગરીબ જરુરિયાતમંદ 550 જેટલા લોકોને તૈયાર જમણવારની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં ઝુંપડાવાળા તથા આજુબાજુના વિસ્તારના ગરીબ વસ્તીવાળા લોકોને આપવામાં આવેલ છે. સાથે સાથે તમામને માસ્કનું પણ વિતરણ કરવામાં આવ્યું.




ચોરી/ઘરફોડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ચોરીના એક મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૪૫૦૦/-સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૭/૦૫/૨૦૨૧ ના કલાક ૧૨/૧૫ વાગે ચંડોળા પાળ દશામાના મંદિર પાસેથી અ.પો,કો માનસંગભાઇ ગફલભાઇ તથા અ.પો.કો ગોવિંદભાઇ કમાભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી રમજાની નેન્દુભાઇ શેખ ઉ.વ ૨૨ રહે, ચંડોળા તળાવના છાપરા સિયાસતનગર બંગાળીવાસ ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી વાદળી કલરનો સેમસંગ ગેલેક્ષી જે-૬ મોબાઇલ ફોન જેનો IMEI નંબર-૩૫૯૨૪૫૦૯૪૮૪૬૨૩૩ તથા ૩૫૯૨૪૬૦૯૪૮૪૬૨૩૧ કિમત રૂપિયા ૪૫૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૧૬૩૪/૨૦૨૧ ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પીસીબી

સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાણાની હારજીતનો જુગાર રમતા ૨ ઈસમોને કુલ્લે ૨૧,૪૦૦/ રૂપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૯.૫.૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષ દેવાભાઈ નાઓ સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મયુરધ્વજસિહ રાજેંદ્રસિંહ નાઓને મળેલ બાતમી હકીક્ત આધારે સંતોષીનગરના છાપરામા ખુલ્લી જગ્યામા કુબેરનગર ફાટક પાસે સરદારનગર જાહેરમા ગંજીફાના પાના ઉપર પૈસાથી નાણાની હારજીતનો જુગાર રમતા આરોપી દિપક રામેશ્વરભાઈ મારવાડી રહે.એ/ ૧૦૧ સરફેશ પેરેડાઈઝ, ભાથીજી મહારાજના મંદિર પાસે, ઓઢવ અમદાવાદ તથા અન્ય એક ઈસમ મળી કુલ્લે ૨ આરોપીઓને રોકડા રુપિયા ૧૭,૪૦૦/ તથા અન્ય જુગારના સાધનો મળી કુલ્લે રુપિયા ૨૧,૪૦૦/ ના મુદામાલ સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૦૨૧૧૪૩૬/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) દિપક રામેશ્વરભાઈ મારવાડી રહે.એ/૧૦૧ સરફેશ પેરેડાઈઝ, ભાથીજી મહારાજના મંદિર પાસે, ઓઢવ અમદાવાદ

(૨) ગોપાલકુમાર હરદાસ અડવાડી રહે.ઘર ન.૧૫૦ કમલ સોસાયટી, ગેલેક્ષી બ્રિજ પાસે, નરોડા, અમદાવાદ શહેર

વોન્ટેડ: અનીતાબેન મહાદેવ ગાયકવાડ રહે.સંતોષીનગરના છાપરા કુબેરનગર ફાટક પાસે કુબેરનગર ફાટક પાસે કુબેરનગર અમદાવાદ તથા ત્રણ અજાણ્યા માણસો જેઓના નામઠામ જાણવા મળેલ નથી.

ગુનાની જગ્યા : સંતોષીનગરના છાપરામા ખુલ્લી જગ્યામા કુબેરનગર ફાટક પાસે સરદારનગર જાહેરમા

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાણા રૂ.૧૭,૪૦૦/ (૨) મોબાઇલ ફોન નંગ ૦૪ કિ.રૂ.૪૦૦૦/ (૩) ગંજીફાના પાના નંગ- ૫૨ તથા પેપર ઉપર ચોટાડેલ પાના કિ.રૂ.૦૦/ મળી કુલ્લે રુપિયા ૨૧,૪૦૦/ નો મુદામાલ

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૮૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૮૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૮૮૭/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ દર્શન સ/ઓ કીરીટભાઇ શર્મા (ઉ.વ.૧૯) (રહે. શ્રીનિવાસ રેસીડેન્સી અનમોલ રેસીડેન્સી પાસે આનંદ પાર્ટીપ્લોટ રોડ ન્યુ રાણીપ) એ તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે દિવ્ય ભાસ્કર દૈનિક ન્યુઝ પેપરમા "હેપ્પી કંપની માટે છોકરા તેમજ છોકરીઓની જરૂરીયાત છે" તેવી નોકરી માટેની જાહેરાત જોઈ તા.૨૪/૦૮/૨૦૨૦ થી તા.૨૮/૦૮/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન દર્શન શર્માએ સંપર્ક કરતા મોબાઈલ નંબર ૯૬૩૮૧૭૯૯૭૧, ૯૭૨૫૦૯૮૭૨૭, ૯૦૯૯૬૪૧૬૪૫ ના ધારકોએ નોકરી આપવાના બહાને પ્રોસેસ માટે દર્શન શર્મા પાસેથી પેટીએમ નંબર ૯૯૭૯૮૪૬૨૯૫ ના ધારકના ખાતામાં રૂપિયા ૩૯,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઇ નોકરી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૮૮૮/૨૦૨૧**

ચાંદખેડાઃ વિજયકુમાર બાબુલાલ પ્રજાપતિ (રહે. ઓમકાર લોટસ દેવનંદન અલ્ટેઝા સામે સ્વામિનારાયણ મંદિર પાસે ચાંદખેડા) એ તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૧ કલાક ૧/૨૦ થી કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી ત્રણ અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

વેજલપુરઃ પીરોજખાન ભીખનખાન જોયા (રહે. સ્ટાર રો-હાઉસ સુપર કિરણા સ્ટોર સામે ફતેવાડી ટાવર ફતેવાડી) એ તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૧ બપોરના ૩/૩૦ થી તા.૧૮/૦૫/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૭,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

ઓઢવઃ (૧) આરતીબહેન દશરથભાઈ રાઠોડ (રહે. શ્યામજી કૃષ્ણ ચાર માળીયા વેપારી મહામંડળ પાછળ સિંગરવા ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૧ કલાક ૯/૦૦ થી તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૮/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

ઓઢવઃ (૨) રાજેશભાઈ કૈલાશચંદ્ર શાહ (રહે. શાંતમ ટાવર ફલેટ ઘોડાકેમ્પ રોડ શાહીબાગ) એ તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૯/૪૫ વાગ્યા દરમ્યાન ઓઢવ સી.એમ.સી.કેનાલ પાસે રઘુવીર કોમ્પલેક્ષ સામે શંકર શોપીંગ સેન્ટર ખાતે આવેલ પોતાની દુકાન નંબર-૧૦ ના શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન નંગ-૩ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા રીપેરીંગના જુના આશરે ત્રીસેક મોબાઈલ ફોન જેની કિમત રૂપિયા ૮૫,૦૦૦/- તથા મોબાઇલ ફોનની એસેસરીઝ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૮૮૯/૨૦૨૧</u>**

એરપોર્ટઃ મોહમદનાહીન સ/ઓ નાસીરભાઇ બેગાવાલા (રહે. એક્ષકયુટીવ હાઇટસ રાંદેર અલવી રો-હાઉસ ગોરાટ સુરત) એ તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૧ બપોરના ૪/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ ટી-૨ લગેજ એરીયામાંથી પોતાની લગેજ બેગમાંથી એપલ કંપનીની આઇ.વોચ કિમત રૂપિયા ૬૫,૦૦૦/- અને એપલ કંપનીનુ આઇપોડ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

<u>વાવાઝોડામાં હોર્ડીંગ્સ/દિવાલ/સ્લેબ પડતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૮૯૦/૨૦૨૧</u>**

કાલુપુરઃ અશોકભાઇ મદારજી ઠાકોર (ઉ.વ.૫૦) (રહે.કેળાવાળુ ડહેલુ પ્રેમદરવાજા બહાર દરિયાપુર) તા.૧૮/૫/૨૦૨૧ સાજના ૫/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર સર્કલ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે કાલુપુર બ્રીજ નજીક વાવાઝોડાથી હોર્ડીંગ્સ ઉડીને અશોકભાઇ ઉપર પડતા અશોકભાઈને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૫/૨૦૨૧ રાતના ૯/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

પાલડીઃ (૧) વિનોદભાઈ રામજીલાલ વ્યાસ (ઉ.વ.૫૦)(રહે.શ્રીનંદનગર હાઇટ્સ અદાણી સર્કલ સોહમ સાનીધ્ય બંગ્લોઝ રામોલ) તા.૧૮/૦૫/૨૦૨૧ સાજના ૬/૧૫ વાગ્યા પહેલા પાલડી લાલ બહાદુર શાસ્ત્રી મ્યુનિસીપાલીટી કોમ્પલેક્ષ દુકાન નંબર-૭ ખાતે કામ કરતા હતા ત્યારે દિવાલ પડતા વિનોદભાઈ દટાઈ જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર દિનેશભાઈ ચલાવે છે.

પાલડીઃ (૨) સુરેશભાઇ નટવરભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે.પ્રાઇડ આઇકોન ભારત સર્કલ સાયન્સ સીટી સોલા) તા.૧૮/૦૫/૨૦૨૧ સાંજના ૪/૪૦ વાગ્યા પહેલા પાલડી લાલ બહાદુર શાસ્ત્રી મ્યુનિસીપાલીટી કોમ્પલેક્ષ દુકાન નંબર-૭ ખાતે દુકાનની બહારનો ઉપરનો સ્લેબ તુટી પડતા સુરેશભાઇ ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૫/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ પુનાજી ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૮૯૧/૨૦૨૧</u>**

રીવરફ્રન્ટ ઇસ્ટઃ મનોજભાઇ સુરેશભાઇ રાવત (ઉ.વ.૨૬) (રહે.કાંકરીપુરની ચાલી જુબેલી મીલ સામે દરિયાપુર દરવાજા બહાર બાદલપુરા માધુપુરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા ડફનાળા ચિલ્ડ્રન પાર્ક પાછળ રીવરફ્રન્ટ વોક-વે ઇલેક્ટ્રીક પોલ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

ખોખરાઃ ચંન્દ્રશેખર જગન્નાથ નાયકર (ઉ.વ.૪૫) (રહે.રમણલાલ જોષીની ચાલી લાલભાઇ સેન્ટર પાસે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિપુલગીરી ભાનુગીરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી